# વારાણસીમાં મોદી સામે કેજરીવાલ



**મોડીરાત સુધી ભાજપની ચૂંટણી સમિતિની બેઠકમાં સત્તાવાર ઉમેદવારોની જાહેરાત ન થઈ શકી : વિશ્વાસનીય સૂત્રો મુજબ નરેન્દ્ર મોદી વારાણસીથી, રાજનાથસિંહ લખનૌથી અને મુરલીમનોહર જોષી કાનપુરથી ચૂંટણી લડશે : 'આપ'ના સંયોજક કેજરીવાલ વારાણસીમાં નરેન્દ્ર મોદી સામે જંગમાં ઉતરશે એમ સંજયસિંહ ન્યૂઝ ચેનલ સાથે વાત કરતાં જણાવ્યું હતું**

ગાંધીનગર-નવી દિલ્હી, તા.૧૫

છેલ્લા ત્રણ દિવસથી ભાજપના ઉત્તરપ્રદેશના ઉમેદવારો અંગે દેશભરમાં ચર્ચા ચાલે છે. શનિવારે ૧૧ વાગ્યાથી આરંભાયેલી ચૂંટણી સમિતિની બેઠક સતત ૯ કલાક સુધી હજુ પણ રાત્રે ૯.૩૦ કલાક સુધી ચાલુ હતી. આમ છતાં પક્ષના વિશ્વાસપાત્ર સૂત્રોના જણાવ્યા મુજબ પ્રધાનમંત્રી પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી વારાણસીથી ચૂંટણી લડશે એ નિશ્ચિત છે, સાથોસાથ પક્ષના રાષ્ટ્રીય પ્રમુખ રાજનાથસિંહ લખનૌથી અને વરિષ્ઠ નેતા મુરલીમનોહર જોષી કાનપુરથી ચૂંટણી લડશે એ નિશ્ચિત છે. આ ઉપરાંત ઉત્તર પ્રદેશના ૫૫ ઉમેદવારોની યાદી પર પણ મંજુરીની મહોર લાગી ગઈ છે. પરંતુ રાત્રે ૧૦ વાગ્યા સુધીમાં કોઈ સત્તાવાર જાહેરાત કરાઈ નથી.

બીજી તરફ નરેન્દ્ર મોદી વારાણસીથી લડશે એ સમાચાર ચેનલોમાં પ્રસારિત થતાં અમેઠીમાં ચૂંટણી પ્રવાસમાં રહેલા સંજયસિંહે આજતક સાથે વાત કરતાં જણાવ્યું હતું કે, મોદી સામે કેજરીવાલને ઉમેદવાર બનાવવા 'આપ' પક્ષની પોલિટીકલ અફેર્સ કમિટિમાં નિર્ણય લેવાયેલો છે. આમ થાય તો દેશભરની નજર વારાણસી બેઠક પર કેન્દ્રિત થશે.

પર્ણ જ્યારે પ્રેમ કરે છે ત્યારે પુષ્પ બને છે, પુષ્પ જ્યારે આરાધના કરે છે ત્યારે ફળ બને છે

- *જન કલ્યાણ*


**આપણું પોતાનું અખબાર**

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૫ | ૧૬ માર્ચ, ૨૦૧૪, સોમવાર; ફાગણ સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## NEWS બિટ્સ

**● શાઝીયા ગાઝીયાબાદથી ચૂંટણી લડશે**



ભારે વિવાદો અને ચર્ચાઓ વચ્ચે આમ આદમી પાર્ટીના બહુચર્ચિત નેતા શાઝીયા ઈલ્મી આખરે ગાઝીયાબાદથી ચૂંટણી લડવા સંમત થયા છે. તેઓ કોંગ્રેસના દિગ્ગજ નેતા રાજ બબ્બરને લડત આપશે.

**● મમતા હવે અમદાવાદ નહી આવે**

તૃણમુલ કોંગ્રેસના નેતા અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીની દિલ્હીની સભા ફ્લોપ શો સાબિત થતા તેઓએ હવે ગુજરાત આવવાનું માંડી વાળ્યું છે.

# આજે વિશેષ મતદાર નોંધણી અભિયાન

**એપ્રિલના પ્રથમ સપ્તાહમાં ચૂંટણી ઓળખ કાર્ડનું વિતરણ શરૂ કરવા માટે તંત્ર એ હાથ ધરેલું આયોજન**

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર જિલ્લાના જે બુથો પર મતદારોની નોંધણી માટેના ફોર્મ આવ્યા નથી તેવા બુથો પર આજે વિશેષ અભિયાન પંચ દ્વારા યોજવામાં આવશે.

૯મીએ યોજાયેલા અભિયાનને મળેલા ભારે પ્રતિસાદ પરની સમીક્ષા બાદ પંચે આવું અભિયાન હવે જે મતદાર વિભાગોમાંથી ફોર્મ નથી મળ્યા તે માટે ખાસ યોજવા જણાવ્યું છે.

આજે ખાસ વિડીયો કોન્ફરન્સ કરી મુખ્ય ચૂંટણી અધિકારી શ્રીમતિ કરવાલે આપેલી આ સૂચનાને પગલે દરેક વિધાનસભામાં આવા મતદાન મથકો અલગ તારવવાની કાર્યવાહીમાં તંત્ર વ્યસ્ત બની જવા પામ્યું છે.

આવા બુથોના બી.એલ.ઓ. અને ઝોનલ ઓફિસરોને આજે મોડી રાત સુધીમાં આ અંગેની જાણ પણ કરી દેવામાં આવશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

૯મીએ યોજાયેલા અભિયાનમાં જિલ્લામાં ૧૩,૦૩૨ મતદારોએ નામ નોંધણી માટેના ફોર્મ ભરી રજુ કર્યા હતા. જેમાં સૌથી વધુ

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યમાં ઉનાળાનું આગમન

**ઉત્તરપૂર્વીય પવનોના પરિણામસ્વરૂપે તાપમાનમાં ઝડપથી ફેરફાર**

અમદાવાદ, તા.૧૫

નીચલી સપાટી ઉપર પ્રવર્તમાન ઉત્તર પૂર્વીય પવનોના પરિણામ સ્વરુપે તાપમાનમાં ભારે ઉથલપાથલની સ્થિતિ જોવા મળી રહી છે. આજે પણ લોકોએ બપોરના ગાળામાં તીવ્ર ગરમીનો અનુભવ કર્યો હતો. અમદાવાદ શહેરમાં લઘુત્તમ તાપમાન ૧૯.૬ ડિગ્રી થયું છે. લઘુત્તમ તાપમાનમાં વધારો થઈ રહ્યો છે જેના લીધે હવે ઠંડી બિલકુલ ગાયબ થઈ ચુકી છે. સવારના ગાળામાં પણ લોકોને હવે ઠંડીનો અનુભવ થઈ રહ્યો નથી. સવારમાં ઠંડા પવનોની અસરથી લોકોને રાહત થઈ રહી છે. સવારમાં વોકિંગ માટે નિકળી રહેલા લોકોને હવે આદર્શ હવામાનની સ્થિતિનો અનુભવ થઈ રહ્યો છે. આજે અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૧૯.૬ ઉપરાંત ગાંધીનગરમાં ૨૦ ડિગ્રી સુધી તાપમાન પહોંચી ગયું હતું. વીવીનગરમાં ૧૫.૨ ડિગ્રી તાપમાન રહ્યું છે. સુરત, વડોદરા, નલિયા, દ્વારકા, પોરબંદર, ભાવનગર સહિતના તમામ વિસ્તારોમાં તાપમાનમાં વધારો થયો છે. આવી સ્થિતિમાં લોકોને સાવધાની રાખવા કહેવામાં આવ્યું છે. હવામાનમાં ઝડપથી બદલાવ થઈ રહ્યો છે. આવતીકાલે આજની સરખામણીમાં પણ તાપમાનમાં વધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે.

# મુખ્યમંત્રી પદ માટે ૫૪ ટકા મત સાથે આનંદીબેન મોખરે

**ગુજરાતનાં ૫૪ ટકા લોકોએ મહેસુલ મંત્રીને પસંદ કર્યા : બીજા નંબરે અમીત શાહ : નીતિન પટેલ અને સૌરભભાઈ બાદના ક્રમે**

ગાંધીનગર, તા. ૧૬

લોકસભાની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે સમગ્ર દેશ અને દુનિયાની નજર ગુજરાત અને દેશના ભાવિ વડાપ્રધાનપદનાં ઉમેદવાર અને રાજ્યના મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદી ઉપર મંડાઈ છે. એનડી ટીવી દ્વારા કરાયેલા એક સર્વે મુજબ મોદી સબસે આગે પુરવાર થઈ રહ્યા છે. તે મુજબ ગુજરાતમાં મોદી ૨૩ સીટ સાથે આગળ રહેશે તેવું એનડી ટીવીના સર્વેમાં તારણ આવ્યું છે. સર્વે અનુસાર જો મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદી દેશના વડાપ્રધાનપદે આરૂઢ થાય તો ગુજરાતના આગામી મુખ્ય પ્રધાન બનવા માટે આનંદીબેન પટેલ સૌથી આગળ છે. આ સર્વે મુજબ સીએમ તરીકે ૫૪ ટકા લોકોની પસંદગી આનંદીબેન પટેલ છે. મોદીના ખાસ વિશ્વાસુ અમીત શાહ ૨૪ ટકા મત સાથે બીજા સ્થાને રહ્યા છે. નીતિન પટેલ ૧૨ ટકા મત સાથે ત્રીજા સ્થાને જ્યારે સૌરભ પટેલ ૧૦ ટકા સાથે ચોથા સ્થાને છે.



આ સર્વે મુજબ રાજકીય વિશ્લેષકો દ્વારા

● અનુસંધાન પાન-૭ પર





**જોઈએ છે**

• LED TV • LCD TV
• Colour TV
જુના બંધ હાલતમાં

શૈલેષભાઈ : ૯૭૧૪૧ ૯૮૩૬૬

**LED, LCD & Colour TV રીપેરીંગ**

**સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ**

બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨૮૭૧૧૫
મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬, ૯૪૨૬૨ ૭૦૪૮૧







